# NEWS COVERAGE

Publication: Rakhewal Date: April 6, 2013
Edition: Anand Page : 4

## Dr Duru Shah's GYNAECWORLD Partners with NADIAD KHADAYATA SAMAJ for a "LADIES SPECIAL" Health Camp

### ડો.દુરુ શાહના ગાયનેક વર્લ્ડ નડીયાદ ખડાયતા સમાજસાથે સહયોગમાં લેડીઝ સ્પેશિયલ હેલ્થ કેમ્પન આયોજન કર્યુ



૭ એપ્રિલ ૨૦૧૩ના રોજ વર્લ્ડ હેલ્થ ડેની ઉજવણીના ભાગ રુપે નડીયાદ ખડાયતા સમાજ દ્વારા તેના ૩૦ થી ૬૦ વર્ષના મહિલા સભ્યો માટે લેડીઝ સ્પેશિયલ હેલ્થ કેમ્પનુ ૬ એપ્રિલ ને શનિવારે ડો. દુરુ શાહના ગાયનેકવર્લ્ડ ક્લિનીક, કેમ્પ કોર્નર મુંબઇ પર આયોજન કરવામાં આવ્યુ છે.આ સ્પેશિયલ ડે કેમ્પમાં ભાગલેનાર તમામ મહિલાઓ માટે ડોકટરના કન્સલટેશનનો સમાવેશ છે.ગાયનેક વર્લ્ડના જાણીતા ગાયનેકોલોજીસ્ટ અને સાઇન્ટીફીક ડોકટર દુરુ શાહે જણાવ્યુ કે સ્વાસ્થયની કાળજી વધશે તેમ વધુ ને વધુ મહીલા ઓ ૭૦ વર્ષથી ઉપર સારુ જીવન જીવી શકશે.સ્ત્રીઓમાં ઉમર સાથે ઘણી બીમારી આવે છે જેમકે ઓસ્ટીપરસોસીસના કારણે ફ્રેક્ચર, કેન્સર હાર્ટ ડીસીઝ વગેરે .જેમાની કેટલીક બિમારીઓથી બચી શકાય છે.હુ નડીયાદ ખડાયતા સમાજના આ કાર્યમાં સહભાગી થતા ખુશ છુ. મારા પતિ સુશીલ શાહ આજ સમાજમાંથી આવે છે અને હુ સમાજ પ્રત્યે સહાયક બનતા આનંદની લાગણી અનુભવી રહી છુ.નડીયાદ ખડાયતા સમાજના પ્રમુખ કૌશિક શાહે જણાવ્યુ કે નડીયાદ ખડાયતા સમાજના ૨૫૦ જેટલા સભ્યો નડીયાદ, ગુજરાતના છે પણ હાલ મુંબઇ વસે છે.અને અમારા મહિલા સભ્યો માટે કેમ્પનુ આયોજન કરતા ખુબ ઉત્સાહીત છીએ